# શાંતિસદન હોસ્ટેલ

**પો.લીમડા તા. વાઘોડિયા જિ. વડોદરા.**

## પ્રવેશ પત્ર

ફોટોગ્રાફ

ક્રમાંક :

તારીખ : - - ૨૦૦

**મેનેજીંગ ટ્રસ્ટી શ્રી,**

હું નીચે સહી કરનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીની ઉપરોકત છાત્રાલયમાં દાખલ થવા ઇચ્છું છું તેના જે નિયમો પાછળ છાપ્યા છે. તથા હવે પછી તેમાં વખતો વખત જે ફેરફાર કરવામાં આવશે. તે તમામ નિયમો પ્રમાણે વર્તવા બંધાઉ છું. મારી નીચેની વિગતો સાથે આ અરજી કરું છું. તો મને છાત્રાલયમાં પ્રવેશ આપવા વિનંતી છે.

વિદ્યાર્થીનું પૂરેપુરું નામ : ______________________

મૂળ વતન : ______________________

હાલનું સરનામું : ______________________

ટેલીફોન નંબર : ______________________

પિતા કે વાલીનું નામ : ______________________

વાલી સાથેનો સંબંધ : ______________________

પિતા કે વાલીનો ધંધો / નોકરી : ______________________

પિતા કે વાલીનું સરનામું : ______________________

ટેલીફોન નંબર : ______________________

જન્મ તારીખ : ______________________

કોલેજના કયા વર્ષમાં અભ્યાસ કરો છો? : ______________________

રોલ નંબર : ______________________

## પિતા / વાલીનું પ્રમાણપત્ર

અરજી કરનાર વિદ્યાર્થીનો હું પિતા / વાલી છું. અને તેણે અરજીમાં જણાવેલી માહિતી ખરી છે. તે છાત્રાલયના તમામ નિયમો પાળશે. તદ્ઉપરાંત છાત્રાલયના તેમજ તેના રસોડાના વખતો વખત જે કોઇ નિયમો તથા આદેશો કરવામાં આવશે તે માર પાલ્યને બંધન કર્તા રહેશે. હું ખાતરી આપું છું. અને તેનો હું જામીન થાઉં છું. તથા તે નિયમો અનુસાર ન વર્તે તો તેની સામે જે પગાલ લેવામાં આવશે તેમાં હું કોઇ વાંધો લઇશ નહિં.

**પૂરી સહી**

## વડોદરામાં રહેતા નજીકના સગા અથવા ઓળખીતાનું પ્રમાણપત્ર

પુરું નામ : ______________________

સરનામું : ______________________

ફોન નં. : ______________________

અરજી કરનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીને તથા પિતા / વાલીને હું સારી રીતે ઓળખું છું. વિદ્યાર્થી / વિદ્યાર્થીની ની ચાલ-ચલગત સારી છે અને અરજીમાં જણાવેલ સર્વ માહિતી મારા જાણવા તથા માનવા મુજબ તેણે સાચી ભરી છે. તેની હું ખાતરી આપું છું.

**પૂરી સહી**

**તા.ક. :** છાત્રાલયમાં દાખલ થનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીએ એક બિસ્ત્રો, જગ, પ્યાલો, ડોલ તેમજ અન્ય જરૂરી ચીજો પોતાની સાથે લાવવી જરૂરી છે.

# નિયમો

## છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અનુસરવાના નિયમો નીચે મુજબ છે.?

(૧) હોસ્ટેલમાં રહેવા અને જમવાની ફી ૨૬,૦૦૦/- છે. જે એક સાથે ચૂકવવાની રહેશે. આ ફી નોન-રીફંડેબલ છે. હોસ્ટેલમાં એક વખત દાખલ થયા પછી અધવચ્ચે ફી પાછી મળશે નહિ. હોસ્ટેલ પ્રવેશ જૂનથી જૂન ગણાશે.

(૨) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીએ છાત્રાલયના સામાન્ય નિયમોને બંધનકર્તા રહેશે.

(૩) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીઓએ છાત્રાલયના ગૃહપતિ /ગૃહમાતા સૂચના અનુસાર રહેવું પડશે. ગેરશિસ્ત આચરનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીની ઉપર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

(૪) છાત્રાલયમાં પ્રવેશ પામેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ગૃહપતિ/ગૃહમાતાની સૂચના પ્રમાણેની વ્યવસ્થામાં રહેવું પડશે.

(૫) છાત્રાલયમાં કોલેજ સિવાય બીજા વિદ્યાર્થીઓ સાથે કોઈપણ પ્રકારની ગેરશિસ્ત કે કોઈપણ પ્રકારની અનિચ્છનીય પ્રવૃતિમાં ભાગ લેવો નહિ.

(૬) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓએ કોઇ પણ જોખમ પોતાની સાથે રાખવું નહિ. વધારાનું જોખમ કેમ્પસની બેંકમાં અથવા ગૃહપતિ / ગૃહમાતાની સૂચના પ્રમાણે વ્યવસ્થા કરવી.

(૭) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓએ ગૃહપતિ / ગૃહમાતાની મંજૂરી સિવાય હોસ્ટેલ છોડવી નહિ. હોસ્ટેલમાં દાખલ થવા અંગે તથા કોઈપણ કારણોસર હોસ્ટેલની બહાર જવા માટે ગૃહપતિ / ગૃહમાતા જોડેથી પાસ મેળવીને જવું. ગૃહપતિ કે ગૃહમાતાની રજા સિવાય જનાર વિદ્યાર્થીઓની કોઇ જવાબદારી હોસ્ટેલના હોદ્દેદારોની કે સંચાલકની રહેશે નહિ.

(૮) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થીએ પોતાની રૂમમાં બહારના વિદ્યાર્થીઓને, મિત્રોને, સગાવ્હાલાઓને રાખવા તેમજ બોલાવવા નહીં. જો તેની જાણ થશે તો તેનું એડમિશન રદ થશે.

(૯) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થી છાત્રાલયમાં તેમજ એમના બ્લોકમાં કોઈપણ પ્રકારનું નુકશાન કરશે તો તે અંગેનો તમામ ખર્ચ જે તે વિદ્યાર્થી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૧૦) હોસ્ટેલમાં આવતા વિદ્યાર્થીએ જાતે તેની પોતાની જવાબાદી ઉપર દાખલો લીધો છે જેથી છેવટે સઘળી જવાબદારી દાખલ થયલે વિદ્યાર્થી અને વાલીની રહેશે

(૧૧) છાત્રાલયમાં જે કંઇ રૂમો વિદ્યાર્થીઓને ફાળવવામાં આવી છે. એમાં કોઇ નુકશાન થાય આકસ્મિક અકસ્માત / બનાવ થાય તેની જવાબાદારી વિદ્યાર્થીની રહેશે. દાખલ થયેલ દરેક વિદ્યાર્થીએ સંસ્થાના નિયમોનું છાત્રાલયના નિયમોનું ચુસ્ત પાલન કરવું પડશે.

(૧૨) હોસ્ટેલની ડીપોઝીટ રૂા. ૨૦૦૦/- છે. અને વિદ્યાર્થીને છાત્રાલયની કઇ રૂમમાં રાખવો તે નિર્ણય ગૃહપતિ કરશે.

(૧૩) છાત્રાલય છોડતા અગાઉ છાત્રાલયની માલિકીની વસ્તુઓ પાછી સોંપ્યા/આપ્યા બાદ તેમજ સંસ્થાનું તમામ લ્હેણું વસૂલ લીધા પછી જ તેવા વિદ્યાર્થીને ડીપોઝીટના રૂપિયામાંથી વધેલી રકમ પાછી મળશે. ડીપોઝીટ ઉપરાંત સંસ્થાની લ્હેણી રકમ માટે વાલી જવાબદાર રહેશે.

(૧૪) કોઈપણ છાત્રે - સ્ત્રી યા પુરુષ મિત્ર કે મહેમાનને વગર કામે છાત્રાલયમાં આવકારી, બોલાવી કે રાખી શકશે નહિ. છાત્રના અંગત સગાને રહેવા દેવા કે જમવા માટે છાત્રે ગૃહપતિની પરવાનગી લેવી પડશે. કોઇ પણ વિદ્યાર્થી કોઇ પણ શખ્સને રાતના નવ પછી ગૃહપતિ / ગૃહમાતાની રજા સિવાય છાત્રાલયમાં રાખી શકશે નહિ કે સુવાડી શકશે નહિ.

(૧૫) વીજળી વપરાશ અંગેના નિયમો :
(૧) વાંચન માટે જરૂરી લાઇટ સિવાય વીજળીનો બીજો ઉપયોગ કરવાની સખ્ત મનાઇ છે. ઇલેક્ટ્રીક સાધન જેવા કે સ્ટવ, સઘડી, હીટર વગેરે

(૧૬) રસોડાના નિયમો :

- ભોજનના તથા હોસ્ટેલ ફી ના ૨૬,૦૦૦/- પ્રતિ વર્ષ આપવાના રહેશે. જે દરેક વર્ષની શરૂઆતમાં જ ભરવાના રહેશે.
- રસોડું સવારના અને સાંજના નિયત સમય મુજબ ખુલ્લુ રહેશે મોડા આવનારને પીરસવામાં આવશે નહિ.
- ગૃહપતિ/ગૃહમાતાને લેખિત ખબર આપેથી બપોરના ૨:૦૦ સુધી તેમજ રાશે ૧૦:૦૦ સુધી જ થાળી ઢાંકી રાખવામાં આવશે. થાળી રખાવીને નહિં જમનારને દંડને પાત્ર થશે. થાળી રૂમ ઉપર મોકલવામાં આવશે નહિ. કોઇ પણ વાસણ કે વસ્તુ રસોડામાંથી બહાર લઇ જવા દેવામાં આવશે નહિ.
- બહારગામ જનાર છાત્રે જતાં તેમજ આવ્યા પછી ગૃહપતિ / ગૃહમાતાને લેખિત ખબર આપવી જરૂરી છે.
- રસોડામાં સંપૂર્ણ શાંતિ જાળવવી પડશે કોઇ પણ પ્રકારનો અવાજ નિભાવી લેવામાં આવશે નહિ. જમતી વખતે છાંડવાની સખ્ત મનાઇ છે. જાણી જોઇને બગાડ કરનારને શિક્ષા થશે.

આથી ઉપરનાં નિયમોની મેં નોંધ લીધી અને સંપૂર્ણ રીતે બંધનકર્તા રહીશ એની હું અને મારા વાલી ખાતરી આપીએ છીએ. સંબંધીત હોદ્દેદારોની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ અને જા થાય તો મને જે શિક્ષા કરવામાં આવશે તે માન્ય રાખીશ અને તેમાં વાંધો લઇશ નહિ. તો મને છાત્રાલયમાં પ્રવેશ આપવા વિનંતી છે.

**વિદ્યાર્થીની સહી :**

**તારીખ :** **વાલીની સહી :**